

ડેન નેટવર્ક્સ લિ.ના આઈપીઓ અંગેની માહિતી આપી રહેલા કંપનીના અગ્રણ્યો દ્રશ્યમાન થાય છે.

# ડેન નેટવર્ક્સ લિ.નો આઈપીઓ તા. ૨૮ના રોજ ખૂલશે

અમદાવાદ તા. ૨૬

ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ (ડેન) રૂા. ૧૦ની કિંમતનો એક એવા બે કરોડ ઈક્વિટી શેરોના પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ) સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ પ્રોસેસ દ્વારા મૂડીબજારમાં પ્રવેશી રહી છે. ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ રૂા. ૧૯૫થી રૂા. ૨૦૫ નક્કી કરવામાં આવ્યા છે. ઈશ્યુ ૨૮ ઓક્ટોબર ૨૦૦૯ના રોજ ખુલશે અને ૩૦ ઓક્ટોબરના રોજ બંધ થશે.

બે કરોડ ઈક્વિટી શેરોમાંથી જાહેર જનતાને ૧૯,૭૫૦,૦૦૦ ઈક્વિટી શેરો ઓફર કરવામાં આવશે. આ ઉપરાંત બીજા ૨.૫ લાખ ઈક્વિટી શેરો માન્ય કર્મચારીઓ (ધ એમ્પલોઈ રિઝર્વેશન પોર્શન)ના સબસ્ક્રીપ્શન માટે અનામત રાખવામાં આવશે. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ (ક્યુઆઈબી)ને ૬૦ ટકા શેરો ફાળવવામાં આવશે, જેમાંથી ૩૦ ટકા હિસ્સો એન્કાર ઈન્વેસ્ટર્સનો છે. એચએનઆઈને ૧૦ ટકા અને રિટેલ ઈન્વેસ્ટર્સને ૩૦ ટકા શેરો ફાળવવામાં આવશે.

આઈપીઓમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ કંપનીના કેબલ ટેલિવિઝન અને બ્રોડબેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર અને સેવાઓ વિકસાવવામાં થશે. આ ઉપરાંત કન્ટેન્ટ બ્રોડકાસ્ટ રાઈટ્સ ખરીદવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુ માટે પણ આ ફન્ડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઈશ્યુમાં કંપનીની આઈપીઓ પછીની ૧૫.૬ ટકા પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો સમાવેશ થાય છે, જ્યારે નેટ ઈશ્યુ આઈપીઓ પછીની પેઈડઅપ ઈક્વિટી શેર મૂડીના ૧૪.૭૯ ટકાનો હશે.

ડેન હાલમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, હરિયાણા, મધ્યપ્રદેશ, અને કેરળમાં કેબલ ટેલિવિઝન સેવા પૂરી પાડે છે. તેણે ઓલ ઈન્ડિયા આઈએસપી લાઈસન્સ મેળવ્યું છે. અને તાજેતરમાં જ મર્યાદિત પ્રમાણમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સર્વિસ શરૂ કરી છે. કંપનીના ડીઆરએચપી દ્વારા ઓફર થનારા ઈક્વિટી શેરોનું બીએસઈ અને એનએસઈ પર લિસ્ટીંગ થશે.

ડોઈશ ઈક્વિટીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વૈશ્વિક કો. ઓર્ડિનેટર અને બુક રનિંગ લીડ મેનેજર (જીસીબીઆરએલએમ) છે. જ્યારે એનીમ કેપીટલ માર્કેટસ પ્રાઈવેટ લિમિટેડ કો-બુક રનિંગ લીડ મેનેજર (સીબીઆરએલએમ) છે.